ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.**

Date: 21st April, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
................................., ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને જરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ભાવનગર દ્વારા**
**વિશ્વ પૃથ્વી દિવસ અંતર્ગત ડૉ. તેજસ દોશીના તજજ્ઞ પદે 'Invest in Our Planet' વિષય પર**
**DIET ભવન, સીદસર ખાતે Earth Talk નું આયોજન**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં સાયન્સ (વિજ્ઞાન), ટેકનોલોજી, એન્જીન્યરીંગ અને મેથ્સ (ગણિત) અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨ થી કાર્યરત છે.

પૃથ્વી અને તેની કુદરતી સંપન્નતાને જાળવી રાખવાના મુખ્ય હેતુને આધારે ૨૨ એપ્રિલને વિશ્વ પૃથ્વી દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. અત્યારે માણસ પોતાની સ્વાર્થભરી પ્રવૃતિને સંતોષવા માટે દરેક હદને પાર કરવામાં સહેજ પણ અટકતો નથી. જેના પરિણામે પોતાનું અને સમગ્ર સજીવ સૃષ્ટિના અસ્તિત્વ માટે ખતરો બની રહ્યો છે. માનવ નિર્મિત ગંભીર સમસ્યામાંથી બહાર આવવા હવે ફરીથી પાયાના ફેરફારો કરવા જરૂરી છે. દરેક મનુષ્ય પોતાના કર્તવ્યમાં પર્યાવરણ અને કુદરતી સંસાધનોના નિયમન વિષે વિચારી આગળ વધશે તો ફરીથી પૃથ્વી ખીલી ઉઠશે. આ કર્તવ્યની સાંકળને વધુ મજબુત બનાવવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિવિધ કાર્યક્રમો અને માધ્યમો થકી લોક જાગૃતતા વધારવાનાં પ્રયત્નો થતાં રહ્યા છે.

લોક જાગૃતતા હેતુ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ભાવનગર દ્વારા આગામી તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૨ના રોજ DIET ભવન, સીદસર ખાતે Earth Talk નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તજજ્ઞ શ્રી ડૉ. તેજસ દોશી દ્વારા 'Invest in Our Planet' વિષય પર પોતાના વિચારો અને રજૂ કરી ઊંડાણપૂર્વક ચર્ચા કરશે.

૨૧-૪-૨૨
1:40pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar